# વિસનગરનાં ગરીબ કલ્યાણ મેળામાં ૧૦૫ કરોડની સાધન સહાયનું વિતરણ કરાયું

રાજ્યભરમાં ગરીબોને સાધન-સહાય અર્પણ કરવા માટે અને સરકારશ્રીની કલ્યાણકારી યોજનાની સંપૂર્ણ માહિતી મળી રહે તે માટે ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ થયેલ છે. મહેસાણા જિલ્લાના વિસનગર પ્રાન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો વિજાપુર તમાકુ માર્કેટ યાર્ડ ખાતે યોજાયો હતો. ગરીબ કલ્યાણ મેળામાં પાણી પુરવઠા મંત્રી બાબુભાઈ બોખીરીયા, મેઘજીભાઈ કણજારીયા અધ્યક્ષ સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના-ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના અધ્યક્ષ દર્શનાબેન વાઘેલા, મહાનુભવોનાંહસ્તે ૨૨૭૩૯ લાભાર્થીઓને ૧૦૫ કરોડની સાધન સહાય અર્પણ કરાઈ હતી.

પાણી પુરવઠા મંત્રી બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યુંહતુંકે ગરીબોનાં કલ્યાણની વિવિધ કલ્યાણકારી યોજનાની માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાત ભરનાં ગરીબી રેખા નીચે જીવતા ગરીબોનાં કલ્યાણ તેમજ તેઓનાં આર્થિક અને વ્યવસાયિક વિકાસ માટે ગરીબ કલ્યાણ મેળોઓ યોજવામાં આવી રહ્યા છે.આ મેળામાં અનેક લાભાર્થીઓને મોટી રકમનાં ચેક અને કીટનું વિતરણ કરવામાં આવેલ છે. મેળા ગરીબોનાં વિકાસ માટે લાભદાયી છે. તેમની આજીવીકામાં વધારો થશે. સરકારશ્રીની ‘‘મા’’ અમૃતમ યોજના, ‘‘મા’’ વાત્સલ્ય યોજના, સુકન્યા સમૃદ્ધી યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, વિકલાંગ પેન્શન યોજના, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના સહિતની વિવિધ કલ્યાણકારી યોજનાનોની માહિતી મંત્રીશ્રી દ્વારા અપાઈ હતી.

## મહેસાણા ગરીબ કલ્યાણ મેળામાં ૫૪.૯૪ લાખની સહાયનું વિતરણ

મહિલા અને બાળકલ્યાણ વિભાગના સાંસદીય સચિવ શ્રીમતી વિભાવરીબેન દવે એ આજે મહેસાણા પ્રાન્ત કક્ષાના ગરીબ કલ્યાણા મેળામાં ગરીબોને સરકાર દ્વારા આપવામા આવતી સહાય દ્વાર સ્વરોજગારી ઉભી કરી સ્વમાનભેર જીવવા માટે અનુરોધ કર્યો હતો. આ ગરીબ કલ્યાણ મેળામાં મહેસાણા અને ઉંઝા તાલુકાના અંદાજીત ૧૪૩૮ લાભાર્થીઓને-રૂપિયા ૫૪.૯૪ લાખની સહાય આપવામા આવી હતી. સાંસદીય સચિવ શ્રીમતી દવેએ જણાવ્યું હતું કે છેવાડાના વંચિતોને આર્થિક રીતે પગભર કરવા માટે સહાયના વિરાટ જનઅભિયાનમા આ વર્ષે રાજ્યમા ૧૨ લાખ લાભાર્થીઓને રૂપિયા ૩૨૦૦ કરોડથી વધુ સાધન સહાય હાથોહાથ પહોંચાડવામા આવશે.



## બનાસકાંઠા સરહદે પોલીસ સહીત બોર્ડરના જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

ભારતે કરેલી સર્જીકલ સ્ટ્રાઈકના પગલે હાલમાં ભારત પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદ પરનો માહોલ ગરમાવો સર્જાયો છે. ત્યારે ગુજરાતની પાકિસ્તાન સાથેની બનાસકાંઠાની આંતરરાષ્ટ્રીય સરહદ પર હાલમાં નીરવ શાંતિનો માહોલ છે. આ બોર્ડર પર ૧૯૭૨માં પાકિસ્તાન તરફથી થયેલા હૂમલામાં ભારતીય સેના દ્વારા મુંહ તોડ જવાબને પગલે આજદિન સુધી આ વિસ્તાર કોઈ છમકલું થયું નથી જો કે બનાસકાંઠાની ૫૪ કિલોમીટરની આંતર રાષ્ટ્રીય સરહદ પર હાલમાં ભારતીય સૈન્ય કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ છે જો કે આ વિસ્તારમાં આવનારા સમયમાં કેવી પરિસ્થિતિ નિર્માણ થવા પામશે એ તો સમય પર આધારિત છે.

# મહેસાણામાં મોડેલ સ્કૂલનું લોકાપર્ણ

મહેસાણા, તા. ૧

મહિલા અને બાળકલ્યાણ વિભાગના સંસદિય સચિવ શ્રીમતી વિભાવરીબેન દવેએ આજે અત્રે જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામા ઉચ્ચ શિક્ષણ માટે અનેક વિદ્યાસંકુલો પોતાની સેવાઓ આપી રહેલ છે અને આવનાર દિવસોમા વડનગર ખાતે મેડિકલ કોલેજની શરૂઆત થતા તબીબી શિક્ષણની સુવિધાઓ ઘર આંગણે ઉપલબ્ધ થશે. મહિલા અને બાળકલ્યાણ વિભાગના સાંસદીય સચિવ શ્રીમતી વિભાવરીબેન દવે આજે મહેસાણા ખાતે અંદાજીત રૂપિયા છ કરોડ ના ખર્ચે તૈયાર થયેલ તાલુકા કુમાર શાળા નંબર-૧,નવિન મોડેલ સ્કુલ નુ લોકાર્પણ કર્યુ હતું.

આ પ્રસંગે જીલ્લા કલેક્ટર આલોક પાંડે, આસિ. કલેક્ટર અરૂણ કુમાર, ધારાસભ્ય નારાયણભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ રણજીત ઠાકોર, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મંજુલાબેન ચૌધરી, જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતીના અધ્યક્ષા રેખાબેન ચૌધરી, સરકારી વકીલ ચંદનસિંહ રાજપૂત, માજી સાંસદ નટુજી ઠાકોર તથા આમંત્રીતો ખાસ હાજર રહ્યા હતા.




## મોડાસામાં સફાઈ અભિયાન અંતર્ગત રેલી યોજાઈ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાની સરકારી એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ કોલેજ પરિસરમાં સફાઈ અભિયાન હાથ ધરી સ્વચ્છ એન્જીનીયરીંગ કોલેજ પરિસર બાદ એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજથી મોડાસાના શહેરી વિસ્તારોમાં બાઈક રેલી યોજી સફાઈ જાગૃતિ માટેના સૂત્રોચ્ચાર પોકારી તેમજ સ્વચ્છતા અંગેના બેનરો દ્વારા સફાઈ અભિયાનમાં જોડાઈ ગામ, શહેર અને શેરીને સ્વચ્છ રાખવા અપીલ કરી હતી.

# પાલનપુરમાં અન્નપૂર્ણા રથ ખુલ્લો મુકાયો

પાલનપુર, તા. ૧

બનાસકાંઠા જિલ્લા પંચાયત પુર્વ પ્રમુખ અને જિલ્લાના સેવાભાવી દાતાઓમાં જેમની ગણના થાય છે એવા રાજુભાઈ જોશીએ માતા-પીતાની યાદમાં પાલનપુર મા અન્નપૂર્ણા રથ ફરશે. ૨ રૂપિયાના ટોકનથી ખીચડી અને કડી જેવુ પૌષ્ટિક ભોજન ૨ રૂપિયાના ટોકનથી ચાલુ કરી એક ઉમદા વિચાર રજુ કરી બપોરે ૧૨ થી ૭ આ રથમાં હાઈઝેનીક અને હેલ્થી ફૂડ મળશે. દરરોજ ૧૦૦૦ માણસોની ખીચડી કડી બનાવશે અને એનો લાભ જરૂરિયાતમંદને મળશે. આજે જિલ્લા પંચાયતથી રાજુભાઈ જોશી અને જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા આ રથને આજે ખુલ્લો મુક્યો છે.

# મોડાસા એસ.પી. ઓફીસ પાસે મોતનો ખાડો, નવરાત્રી પૂર્વે ખાડો પુરવા નગરજનોની માંગ

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ચોમાસાની ઋતુ શરૂ થવાની સાથે જ મુખ્યમાર્ગો અને સોસાયટી વિસ્તારના માર્ગોહાલ બેહાલ થઈ જાય છે. મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા ચોમાસાની સિઝનમાં બિસ્માર બનેલા માર્ગો પર સમારકામ કરવામાં નગરપાલિકાતંત્ર દ્વારા આંખ આડા કાન કરતા શહેરના માર્ગો પર ઠેર ઠેર ખાડાઓ નવરાત્રી પર્વેમાં રાત્રી દરમ્યાન પસાર થતા ખેલૈયાઓ અને પ્રજાજનો માટે મોતના કૂવા સમાન બની ન રહે તો નવાઈ નહિ ? મોડાસા-હિંમતનગર મુખ્ય માર્ગ પર મોડાસા ડીવાયએસપી કચેરી અને વીજતંત્ર કચેરી નજીક પડેલા ખાડાઓ નગરપાલિકા તંત્ર દ્વારા કે પછી જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રીપેરીંગ કરવામાં આવે તેવી નગરજનોની ઉગ્ર માંગ ઉઠી છે.

મોડાસા શહેરમાં ચોમાસાની સીઝનમાં પડેલા સાંબેલાધાર વરસાદથી શહેરના મુખ્યમાર્ગો તેમજ અંતરિયાળ માર્ગોપર પડેલા ખાડાઓ અને બિસ્માર રોડના લીધે વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે. મોડાસા-હિંમતનગર અને મોડાસા-શામળાજીનો મુખ્ય માર્ગ અને મોડાસાના ચાર રસ્તાથી થોડેક જ દૂર આવેલી ડીવાયએસપીની કચેરી તેમજ વિજતંત્ર કચેરી નજીક રોડ પર મસમોટા ખાડાઓ પડી જતા અને નગરપાલિકા તંત્ર દ્વારા ઘોર બેદરકારી દાખવતા આફતરૂપ ખાડાઓનુ સમારકામ હજુ સુધી ન થતા અહીંથી પસાર થતા વાહનચાલકો અને ટુ વ્હીલર ચાલકો જીવના જોખમે અહીથી પસાર થઈ રહ્યા છે. અતિશય મોટા ખાડાઓ પડ્યા હોવા છતાં નગરપાલિકા તંત્ર કે પછી સરકારીતંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહિ ન કરાતા નગરજનોમાં રોષની લાગણી ફેલાઈ છે.

શનિવારથી શરૂ થતી નવરાત્રી પર્વમાં મોડાસા શહેરની નવરાત્રીમાં ખેલૈયાઓ, નગરજનો અને જિલ્લાના ગ્રામવાસીઓમાં રાત્રીના સમયે ખૂબજ ધમાચકડી અને ધોડધામ રહેતી હોય છે. ત્યારે ડીવાયએસપી કચેરી નજીક પડેલા મોટા-મોટા ખાડાઓથી અજાણ વાહનચાલકો અને પ્રજાજનો રાત્રીના અંધારામાં ખાબકી અકસ્માતનો ભોગ બને તે પહેલા નગરપાલિકા તંત્ર આળશ ખંખેરી તાબડતોબ સમારકાની કામગીરી હાથ ધરે તે જરૂરી છે.



# તલોદના અંતિમ ધામે અનોખા રાત્રી ભજન યોજાયા

તલોદ, તા. ૧

તલોદના અંતિમધામમાં સર્વપિતૃ અમાવાસ્યાના દિવસે શ્રી રાધાકૃષ્ણ ભજન મંડળ દ્વારા અનોખા રાત્રી ભજનોનું સુંદર આયોજન થયુંહતું. મોટી સંખ્યામાં ઉમટેલી ધર્મપ્રેમી જનતાએ મૃતકોના આત્માની શાંતિ અર્થે ભજન-કિર્તન કરી પ્રભુને પ્રાર્થના કરી હતી. પાલિકા દ્વારા તમામ વ્યવસ્થાનું આયોજન કરાતા હરિરસની હેલીનો સૌ કોઈએ લાભ લીધો હતો. વધુમાં તાજેતરમાં સરહદ ઉપર શહીદ થયેલા જવાનોને આ પ્રસંગે ખાસ યાદ કરી તેમને પણ શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ હતી.

તલોદ તેમજ આજુબાજુના વિસ્તારના ધર્મપ્રેમી ભાવિક ભક્તોની મોટી સંખ્યામાં હાજરી વચ્ચે અંતિમધામમાં રાત્રીએ ભજનકિર્તન તથા રામધૂનની રમઝટ બોલી હતી. અનોખા આયોજનને ચો-તરફથી ભરપૂર આવકાર અને પ્રશંસા પ્રાપ્ત થઈ રહી છે. શ્રાદ્ધ પક્ષની અંતિમ તિથિએ અંતિમધામે મૃતકોના આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના સાથે પ્રભુભક્તિ કરાય છે. દબદબાભર્યા આ રાત્રી ભજન કાર્યક્રમમાં વિના સંકોચે કે ડર વગર મહિલાઓ અને બાળકો પણ હવે ભાગ લઈ રહ્યા છે.

તલોદનગરપાલિકા દ્વારા લાઈટ, સાઉન્ડ તથા સ્વચ્છતા જેવી અગત્યની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. જેમાં પ્રમુખ રંજનબેન પટેલના પતિ દામોદરભાઈ આ ભજનથી અને આયોજનથી પ્રભાવિત થઈ જુદા જુદા સ્થળોએ પણ આયોજન કરવા પુર્ણ સહકારની ખાતરી આપી હતી. ભજન સત્સંગ સાથે દેશના વીરગતિ પામેલા સહીદ જવાનોને ખાસ યાદ કરી ભારત માતા કી જય સાથે



## ગુજરાતને વ્યસનમુક્ત બનાવવા પ્રધાન મંત્રીને પોસ્ટકાર્ડ લખાયા

આજે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ભારતના પ્રધાન મંત્રીને એક પોસ્ટકાર્ડ લખી વ્યસન મુક્તિ માટે ઠોસ કાયદો બનાવવા માંગ કરાઈ છે. આજે બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકાના પ્રમુખો અને શહેરના પ્રમુખો દ્વારા વ્યસન મુક્તિ માટે પોસ્ટ કાર્ડનો સ્ટોલ બનાવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોસ્ટકાર્ડ રવાના કરાયા છે. ઉલ્લેખનીય છે કે આ પોસ્ટકાર્ડોમાં ‘દેશ બદલ રહા હૈ તો ગુજરાત ક્યો નહીં’ જેવા મુદ્દા અંતર્ગત વ્યસનમુક્તિ દૂર કરવા માટે કઠોર સેનાના કાર્યકરો દ્વારા મોટી સંખ્યામાં ટપાલો લખી રવાના કરવામાં આવનાર છે. જો કે હાલમાં આ વિસ્તારમાંથી અંદાજિત ૨૦૦થી વધુ પોસ્ટકાર્ડ લખી પોસ્ટિંગ કરાયા છે.



વાવ અનુપમ પ્રાથમિક શાળાની પ્રાર્થના સભામાં ૪૭૮ વિદ્યાર્થીઓને પદયાત્રા માર્ગદર્શક પ્રાધ્યાપક રમેશભાઈ પટેલે ગાંધી જયંતિ નિમિત્તે પ્રેરક જીવન પ્રસંગો, મોહનમાંથી મહાત્મા, સાંપ્રત સમયમાં નઈ તાલીમનું મહત્ત્વ અંગેનો રસપ્રદ વાર્તાલાપ કર્યો. એકાદશ વ્રતો અને ‘વૈષ્ણવજન તો તેને રે કહીએ’ ગીતોનું ગૂંજન શાળાનાં ઉત્સાહી શિક્ષિકા કાશ્મીરાબેન રાવલે કર્યું. બાબુભાઈ પટેલે આભાર દર્શન કર્યું હતું. શાળાનાં આચાર્ય પિન્કીબેન પંચાલે સભા સંચાલન કર્યું હતું. આ ઉપરાંત ગામમાં રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. પદયાત્રીઓ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને સ્વદેશી રમતો રમાડવામાં આવી હતી. રેલી અને રમતગમતમાં બીઆરસી કો-ઓર્ડિનેટર જમરૂસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાત્રે ગ્રામસભા યોજાઈ હતી, જેમાં પદયાત્રીઓ દ્વારા સાક્ષરતા, સફાઈ, વ્યસનમુક્તિ, સર્વધર્મ સમભાવ વિષયે નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

# આગામી ડિસેમ્બરમાં હિંમતનગર ખાતે લશ્કરી ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૧

રાજ્યના યુવાનો લશ્કરમાં ભરતી થઈને ઉજ્જવળ કારકિર્દીની સાથે દેશ સેવા કરી શકે તેવા ઉદ્દેશથી આગામી તા. ૮ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર, ૨૦૧૬ દરમિયાન સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં આવેલા સાબર સ્પોર્ટસ સ્ટેડિયમ ખાતે ૨૧ જિલ્લાના ઉમેદવારો માટે લશ્કરી ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે, તેમ સેના ભરતી કચેરી, અમદાવાદની યાદીમાં જણાવ્યું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર, ભરતી મેળામાં ભાગ લેવા માટે ઉમેદવારોએ આગામી તા. ૯ ઓક્ટોબરથી ૨૨ નવેમ્બર, ૨૦૧૬ દરમિયાન વેબસાઈટ www.joinindianarmy.nic.in ઉપર ઓનલાઈન અરજી કરવી જરૂરી છે. ઓનલાઈન અરજી કર્યા સિવાય ભરતી રેલીમાં પ્રવેશ મળશે નહીં. ઓનલાઈન અરજી ઉમેદવારે પોતાનું ઈ-મેઈલ આઈ.ડી. અને મોબાઈલ નંબર આપવો ફરજિયાત છે. આ ભરતી અંગેની વધુ વિગતો સેનાની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

આગામી ડિસેમ્બર, ૨૦૧૬માં યોજાનાર આ લશ્કરી ભરતી મેળામાં અમદાવાદ, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, ગાંધીનગર, ખેડા, મહિસાગર, મહેસાણા, નર્મદા, નવસારી, પંચમહાલ, પાટણ, સાબરકાંઠા, સુરત, તાપી, વડોદરા અને વલસાડ એમ કુલ ૨૧ જિલ્લાના તેમજ દમણ અને દાદરાનગર હવેલીના ઉમેદવારો ભાગ લઈ શકશે.





હિંમતનગરમાં જિલ્લા પોલીસ હેડક્વાટર્સ ખાતે સુરક્ષા સેતુ દ્વારા શનિવારથી દસ દિવસીય નવરાત્રી મહોત્સવ શરૂ થયો જે નવરાત્રી ચોક અને મંદિર રોશનીથી જળહળી ઉઠ્યું હતું. હિંમતનગરના ખાડિયા વિસ્તારમાં સનિવારે નવરાત્રી ચોકમાં માતાજીનું શુભ મુહૂર્તમાં સ્થાપન કરી પૂજન-અર્ચન કરી આરતી કરવામાં આવી હતી.

